કેસ દાખલ તારીખ :– ૦૬/૦૨/૨૦૨૧
કેસ રજીસ્ટર તારીખ :– ૦૬/૦૨/૨૦૨૧
ફેંસલ તારીખ :– ૦૯/૦૭/૨૦૨૬
સમય ગાળો વર્ષ માસ દિવસ
**૦૫ ૦૫ ૦૩**

# એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી ની કોર્ટ માં.મુ.રાધનપુર જી.પાટણ

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબર ૨૦/૨૦૨૧**

**આંક : ૪૩**

**અરજદાર :–** (૧) જોષી મિતલબેન વા./ઓ. કલ્પેશ ઉર્ફે કલુ લાભશંકર
ડો./ઓ. ભીખાભાઈ મણીલાલ જોષી,
ઉ.વ.૨૭, ધંધો : ઘરકામ,
(૨) શૌર્ય સન/ઓફ કલ્પેશભાઈ ઉર્ફે કલુ લાભશંકર જોષી,
ઉ.વ.આ.૬, બંને ધર્મે : હિન્દુ, બંને રહે.અયોધ્યાનગર, આશાપુરા મંદિરની સામે,
મસાલી રોડ, મુ.તા.રાધનપુર, જી.પાટણ

**વિરૂધ્ધ**

**સામાવાળા :**–(૧) કલ્પેશભાઈ ઉર્ફે કલુ લાભશંકર જોષી, (પતિ)
ઉ.વ.આ.૩૬, ધર્મે : હિન્દુ, ધંધો : કિલનીક,
(૨) પુષ્પાબેન લાભશંકર જોષી, (સાસુ)
ઉ.વ.આ.૬૫, ધર્મે : હિન્દુ, ધંધો : નિવૃત સરકારી કર્મચારી,
(૩) લાભશંકર પિતાંબર જોષી, (સસરા)
ઉ.વ.આ.૭૦, ધર્મે : હિન્દુ, ધંધો : નિવૃત સરકારી કર્મચારી,
નં.૧ થી ૩ રહે.૭, યશ કુટીર, પંદમનાથ ચોકડી, મુ.તા.જી.પાટણ
(૪) હિમાંશુ લાભશંકર જોષી, (જેઠ)
ઉ.વ.પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : સરકારી નોકરી,
(૫) પારૂલબેન હિમાંશુ જોષી, (જેઠાણી)
ઉ.વ.પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : ઘરકામ,
નં.૪,૫ રહે.યશ કુટીર, પંદમનાથ ચોકડી, મુ.તા.જી.પાટણ

**અરજ :– ઘરેલું હિંસા થી સ્ત્રીઓનુ રક્ષણ અધિનીયમ,૨૦૦૫ ની કલમ ૧૨ અન્વયે.....**

**અરજદાર તરફે : વિ.વ.શ્રી પી.એન.ઝાલા**
**સામાવાળાઓ તરફે : વિ.વ.શ્રી જે.એચ.ચૌધરી**

**-:: જ જ મે ન્ટ ::-**

**૧)** આ કામે અરજદારે ઘરેલું હિંસા થી સ્ત્રીઓ નુ રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧૨ ની જોગવાઈઓ મુજબ ના હુકમો મેળવવાની આ અરજ ની ટુંક માં હકીકત એવી છે કે- અરજદારનુ સામાવાળા નં. ૧ સાથે તા.૧૪/૦૨/૨૦૧૩ ના રોજ સમાજ ના રીત રીવાજ તથા હિન્દુ શાસ્ત્રકત વિધી અનુસાર રાધનપુર મુકામે લગ્ન થયેલ. આમ અરજદાર તથા સામાવાળા નં.૧ કાયદેસર પતિ-પત્નિ છે. સામાવાળા નં.ર થી ૫ ના અનુક્રમે અરજદાર ના સાસુ, સસરા, જેઠ, જેઠાણી થાય છે. લગ્ન બાદ અરજદાર તેમના પિયરમાંથી મળેલ સોના, ચાંદીના દાગીના, કપડા, લત્તા, સરસામાન, રાચરચીલુ તથા ભેટ લઈ સામાવાળાને ત્યાં શિહોરી મુકામે રહેવા ગયેલ.લગ્નબાદ પાંચ દિવસ અરજદાર પ્રથમ આણે સામાવાળાના ત્યાં રોકાયેલ અને શિહોરી મુકામે અરજદાર તથા સામાવાળા ના લગ્ન નુ રીસેપ્શન હોઈ તેમાં અરજદાર ના પિયરવાળા આવેલ અને અરજદાર ને રાધનપુર મુકામે તેડી આવેલ. અરજદારના લગ્ન બાદ પાંચ માસ જેટલા સમયમાં અરજ દાર ને ત્રણ થી ચાર વખત પિયર મોકલી લીધેલ અને લગ્ન બાદ થોડાક સમયમાં સામાવાળા નં.ર થી ૫ ચઢમણી અને ઉશ્કેરણી કરી સામાવાળા નં.૧ પાસે અરજદાર ને માર ખવડાવતા. સામાવાળા નં.ર એ અરજદાર ને વારંવાર મેણાટોણા મારવાનુ ચાલુ કરેલ અને શારીરીક માનસિક ત્રાસ આપતા અને કોઈ પણ બહાના તળે અરજદારને પિયર ધકેલી મુકતા. લગ્નના થોડાક મહિના બાદ સામાવાળા નં.૧ ને અરજ દારે કયાંક ફરવા લઈ જાવો તેમ કહેતા ત્યારબાદ અરજદાર તથા સામાવાળા નં.૧ સાથે થયેલ સંવાદ નુ નિરૂપણ કરી તેઓની સાથે તેઓના સાસુ, સસરા આવેલા અને તમામ પાટણ મુકામે અરજદારના જેઠ ના ઘરે પાંચ દિવસ રોકાયેલ તે વખતે સામાવાળા નં.૧ પાટણથી શિહોરી અપ -ડાઉન કરતા તે સમયે રાણકી વાવ ફરવા જવા બાબતે તથા રાણકીવાવ મુકામે તેઓના વાણી વર્તન બાબતે થયેલ સંવાદ નુ નિરૂપણ કરી રાણકીવાવ ફરી ઘરે પરત આવી ગયેલ. ત્યારબાદ તેઓ શિહોરી આવેલ અને ફરી થી સામાવાળા નં.ર ધ્વારા અરજદાર ના પિયર વાળા વિશે અસભ્ય શબ્દો બોલેલાનુ, મેણા ટોણા મારેલા નુ રૂ.૫,૦૦,૦૦૦/ લઈ આવવાની માંગણી કરેલાનુ જણાવી વધુ માં અરજદારે જણાવેલ છે કે તેઓનો ઘર સંસાર ના બગડે તે હેતુ થી તેણીની મુંગા મોઢે સામાવાળાનો ત્રાસ સહન કરતા હતા. અરજદાર ના પિતાજી હયાત ન હોવાથી તથા તેમના પિયર ની તમામ જવાબદારી તેમની માતાના માથે હોવાથી કાલે સુધરી જશે તેવી આશા એ અરજદાર તેઓની કોઈ તકલીફ ની વાત પિયર માં કરતા નહી પરંતુ પાટણથી શિહોરી આવ્યા ના બીજા દિવસે સામાવાળા નં.ર તથા ૩ ભુંડા શબ્દો માં મેણાટોણા મારતા અને તેની વાત સામાવાળા નં.૧ ને કરતા તો સામાવાળા નં.૧ અરજદારને સહન કરવુ પડશે એમ કહેતા તેવામાં સામાવાળા નં.ર તથા ૩ ના એ સામાવાળા નં.૧ ને રાધનપુર મુકી આવવા કહેલ જેથી બીજા દિવસે સામાવાળા નં.૧ એ અરજદાર

ને શિહોરી થી રાધનપુર જતી બસમાં બેસાડી દીધેલ તે અરસા માં અરજદાર દોઢ માસ જેટલુ શિહોરી મુકામે રહેલ તે અરસા માં તેણીની તથા સામાવાળા વચ્ચે બનેલ ઘટનાનુ નિરૂપણ કરી વધુમાં જણાવેલ છે કે, તેણીની રાધનપુર પંદર થી વીસ દિવસ રોકાયેલ તે વખતે તેણીની ગર્ભવતી જણાયેલ તેથી સામા–વાળા નં.૧ ને ફોન થી જાણ કરતા સામાવાળા નં.૧ એ તેઓ દવા મોકલે છે તેમ કહી દવા મોકલેલ જે અરજદારે લીધેલ ત્યારબાદ સામાવાળા નં.૧ એ ફોન કરી અરજદારને શિહોરી આવી જવા જણાવેલ તેથી બીજા દિવસે અરજદાર શિહોરી ગયેલ તે વખતે સામાવાળા નં.૧ એક અઠવાડીયુ બહાર ગયેલ અને પરત આવતા તને મારા માટે નથી લાવવી પરંતુ ઘરનુ કામકાજ કરવા લાવેલ છુ તેવુ તેમના પતિએ કહેલ તથા સામાવાળા નં.ર થી પ નાએ સામાવાળા નં.૧ ને કરે કાન ભંભેરણીઓ ના કારણે સામાવાળા નં.૧ અરજદાર ને મારઝુડ કરતા હોવાનુ તથા સામાવાળા નં.ર ના કહેવાથી અરજદાર ને તેણીની મરજી વિરુધ્ધ પિયર મુકી ગયેલાનુ અને એક માસ જેટલુ તેણીના પિયરમાં રોકાયેલ ત્યારબાદ સામાવાળા નં.૧ અરજદાર ને તેડી ગયેલ અને ત્યારબાદ તેઓની વચ્ચે થયેલ ઘટનાઓ તથા સંવાદ નુ નિરુપણ કરી સામાવાળાઓ એ ત્યાારબાદ આપેલ ત્રાસ નુ લંબાણપુર્વક નિરુપણ કરી અરજદાર ફરીથી ગર્ભવતી થતા સામાવાળા નં.૧ એ દવા આપી આપેલાનું ત્યારબાદ ફરીથી અરજદાર ગર્ભવતી થતા અરજદાર રાધનપુર આવેલ અને આઠ મહીના સુધી અરજદાર પિયર રહેલ છેલ્લે ખોળો ભરાવવાની વિધી કરવા દશ દીવસ પહેલા અરજદાર ને તેડાવેલ અને રાધનપુર પરત મુકી દીધેલ અને ત્યારબાદ પુત્ર નામે શોર્ય ને તા.૦૪/૧૦/૨૦૧૪ ના રોજ જન્મ આપેલ અને ત્યારબાદ અરજદાર અને સામાવાળાઓની વચ્ચે આણુ કરવા બાબતે તથા આણા માં કરેલ કપડા,સોના ચાંદીના દર દાગીના,રોકડ રકમ તથા ચીજવસ્તુ વિગેરે ની લેવડ દેવડ બાબતે થયેલ લેવડ દેવડ નુ નિરુપણ કરી અરજદારને સાસરી માં તેડી ગયેલાનુ અને ત્યારબાદ પણ સામાવાળાઓ ધ્વારા આપવામાં આવતા મેણા ટોણા શારીરીક માનસીક ત્રાસ વિગેરે નુ લંબાણપુર્વક નિરુપણ કરી અરજદાર ને જાન થી મારી નાખવાની ધમકી આપી તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ સામાવાળા નં.૧ એ અરજદાર ની મરજી વિરુધ્ધ બરજબરી પુર્વક પહેરે કપડે પુત્ર સાથે પાટણ બસ સ્ટેશન માં મુકી ગયેલાનુ અને ફરી થી પાટણ આવી તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી અરજાદરને રઝડતા મુકી જતા રહેલ તેથી અરજદાર પુત્ર સાથે રાધનપુર તેમના માતા ને ત્યાં આવેલ અને ત્યાં થી અરજદાર તેમના પુત્ર સાથે તેમના માતાના ઘરે ઓસીયાળુ જીવન વિતાવતા હોવાનુ તથા અરજ કરતા સુધી અરજદાર ના સગા સંબંધીઓ દવારા અરજદારને તેડી જવા સામાવાળાઓને કહેવડવવા છતા સામાવાળાઓ અરજદારને તેડી જવા કોઈ દરકાર લીધેલ નથી કે અરજદારના ગુજરાનની કોઈ વ્યવસ્થા કરેલ નથી અરજદાર કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી. અરજદાર ની પાસે કોઈ આવક ના સાધન નથી. જયારે સામાવાળા નં.૧ રાપર તાલુકા ના ભુટકીયા ભીમાસર મુકામે કલીનીક ચલાવી માસીકરૂા.૧,૦૦,૦૦૦/–આવક મેળવે છે જયારે સામા–વાળા નં.ર તથા ૩ સરકારી નિવૃત કર્મચારી છે અને સાઈઠ થી સીતેર હજાર માસીક પેન્શન મેળવે છે સામા

વાળા નં.૪ સરકારી નોકર છે સામાવાળાઓના પાટણમાં સીતેરથી એસી લાખ ના બે બંગલા છે સામા વાળા ની શિહોરી મુકામે મેડીકલ માં ભાગીદારી છે. સામાવાળા ફોર વ્હીલ, બાઈક,ટી.વી.,ફ્રીજ વિગેરે સુખ સગવડો ધરાવે છે. સામાવાળા નં.૧ ઉપર અરજદારો સિવાય કોઈ જવાબદારી નથી. સામાવાળા નં.૧ તંદુ રસ્ત છે. આમ ઉપરોકત હકીકતે અરજદાર નં.૧ એ તેઓના રહેઠાણ,ખોરાકી,પોશાકી,દવા સારવાર તથા જીવન જરુરીયાત માટે રૂ.૨૫,૦૦૦/–તથા પુત્ર નામે શોર્ય ની ખોરાકી પોશાકી અભ્યાસ તથા નિભાવ માટે માસિક રૂા.૧૫,૦૦૦/–મેળવવા દાદ માંગેલ છે તદૃઉપરાંત અરજી લગત ફોર્મ નં.ર રજુ કરી પેરા ૩ (અ) મુજબ બાળક ની સ્કુલમાં પ્રવેશવા ઉપર સામાવાળાને મનાઈ કરવા, સામાવાળા દવારા અરજદારની સાથે કોઈપણ જાતની વાતચીત કરવા તથા પુરાવા વિના ખોટા આક્ષેપો કરે નહી તેમજ ખોટા કેસ કરે કરાવે નહી તેવી મનાઈ કરવા મીલકત માં થી છુટા પાડવા સામાવાળાને મનાઈ કરવા તથા પેરા (બ)થી કૌટુબીંક ભાગ માં થી બે દખલ કરવા અરજદાર જયાં રહેતા હોય તે કૌટુંબીક ભાગ ની જગ્યા માં દાખલ થવા સામા વાળા ને અટકવવા,વ્યકિતગત હેસીયત થી મળતી સગવડતાના હકકોનો હુકમ કરવા,સલામત વૈકલ્પીક, રહેઠાણ અથવા તેનુ ભાડુ ચુકવવા તથા પેરા (ક) થી દાવાનો ખર્ચ, નાણાં નુકસાન, મીલકત નુ નુકસાન રૂા.૫,૦૦,૦૦૦/–શારીરીક માનસિક ઈજાના નુકસાન પેટે રૂા.૪,૦૦,૦૦૦/–મળી કુલ રકમ રૂા.૯,૦૦,૦૦૦/–વસુલ અપાવવા તથા પેરા (ડ) થી ખોરાક કપડા દવાઓ અને બીજી પાયા ની જરુરીયાતો, સ્કુલ ફી, કૌટુંબીક ખર્ચાઓ સારુ કુલ મળી માસિક રૂા.૩૫,૦૦૦/– વસુલ અપાવવા દાદ માંગેલ છે.

**૨)** અરજદાર ની અરજ રજુ થતા સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જે નોટીસ સામાવાળાઓ ને બજી જતા સામાવાળાઓ તેમના વિ.વ.શ્રી મારફત આ કામે હાજર થયેલ છે અને સામાવાળાઓ દવારા આંક ૧૬ થી લેખીત જવાબ રજુ કરેલ છે, જે જવાબ ની હકીકતે જોવામાં આવે તો અરજદાર નં.૧ ના સામા વાળા નં.૧ સાથે લગ્ન થયેલાનું અને સામાવાળાઓ અનક્રમે અરજદારના લગ્નતર સગા પતિ સાસુ સસરા જેઠ જેઠાણી થતા હોવાનું અને અરજદારને તા.૨૦/૮/૨૦૧૪ ના રોજ ખોળો ભરાવી પિયર મોકલેલાનું તથા તા.૦૪/૧૦/૨૦૧૪ ના રોજ પુત્ર નામે શોર્યનો જન્મ થયેલ અને આણા વખતે કપડા વિગેરે ચીજ વસ્તુઓ ની લેવડ દેવડ ની હકીકત સ્વીકારી અન્ય તમામ હકીકતો નકારી કાઢી વધુ માં જણાવેલ છે કે અરજદાર નં.૧ ની સાથે લગ્ન ની શરૂઆત થી પુત્ર ના જન્મ સુધી સામાવાળા નં.૧ ના એ સુખમય જીવન પસાર કરેલ. પુત્ર ના જન્મ બાદ અરજદાર તેમના ઘરે રહેલ ત્યાબાદ અરજદાર સામાવાળા નં.૧ નો વિના કારણે ત્યાગ કરી તેમના માતાની સાથે ગયેલ છે આજે પણ સામાવાળા નં.૧ તથા તેમના ઘર ના સભ્યો અરજદારો સાથે સુખમય જીવન પસાર કરવા માંગે છે અરજદાર પુત્ર સાથે સામાવાળા ના ઘરે આવવા તૈયાર હોય તો સામાવાળાઓ કોઈ પણ જાતની શરત વિના હરખભેર લઈ જવા તૈયાર હોવાનું

જણાવી અરજદારે કોઈ કારણ વિના સામાવાળા નં.૧ નો ત્યાગ કરેલ હોઈ અરજી ખર્ચ સહિત નામંજુર કરવા જણાવેલ છે.

૩) ત્યારબાદ આ કામે અરજદાર તરફે નીચે મુજબ નો લેખિત મૌખિક પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| અનુ. | નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર નં.૧ નું લેખિત સરતપાસ નું સોગંદનામુ | ૨૪ |
| ૨ | સાહેદ જોષી નિર્મળાબેન ભીખાલાલ નું લેખિત સરતપાસ નું સોગંદનામુ | ૩૬ |

**દસ્તાવેજી પુરાવો**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વલ્લભનગર શાળા નો દાખલો | ૨૫ |
| ૨ | રાજા સાયકલ સેલ્સ નુ બીલ | ૨૬ |
| ૩ | આનંદ જનરલ સ્ટોર નુ બીલ | ૨૭ |
| ૪ | ટયુશન કલાસીસ ની ફી ની પાવતી | ૨૮ |

૪)આ સિવાય અરજદાર તરફે આંક ૦૩ તથા આંક ૨૫ ના લીસ્ટ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે પરંતુ તે પુરવાર કરી આંકે પડાવેલ ના હોઈ વંચાણે લેવામાં આવેલ નથી.

ત્યારબાદ અરજદાર તરફે આંક ૩૭ થી પુરાવો પૂર્ણ થયાની કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

૫) ત્યારબાદ આ કામે સામાવાળાઓને પુરાવો રજુ કરવા પુરતી તક આપવા છતાં પુરાવો રજુ કરેલ ના હોઈ સામાવાળાઓના પુરાવા નો હકક બંધ કરવામાં આવેલ છે આમ સામાવાળા તરફે કોઈ લેખિત–મૌખિક પુરાવા રજુ થયેલ નથી.

૬)ત્યારબાદ આ કામે અરજદારપક્ષે વિ.વ.શ્રી પી.એન.ઝાલા તથા સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી જે.એચ. ચૌધરી ની દલીલો સાંભળી તથા આ કામનું રેકર્ડ વંચાણે લીધુ.આમ,સદર અરજ ના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબ ના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા નં.૧ ના અરજદાર નં.૧ ના પતિ તથા સામાવાળા નં. ૨ થી ૫ ના અનુક્રમે અરજદાર નં.૧ ના સાસુ, સસરા, જેઠ, જેઠાણી છે ? તેમજ શું સામાવાળાઓ એ, અરજદારો નો વ્યાજબી કારણ વિના ત્યાગ કરેલ છે ?

**(૨)** શું અરજદાર તેઓની અરજી સાથે રજુ ફોર્મ નં.૨ ના પેરા નં.૩ (અ) માં માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકદાર છે ?

**(૩)** શું અરજદાર તેઓની અરજી સાથે રજુ ફોર્મ નં.૨ ના પેરા નં.૩(બ) માં માંગ્યા મુજબ ની રહેઠાણ ની દાદ મેળવવા હકદાર છે ?

**(૪)** શું અરજદાર તેઓની અરજી સાથે રજુ ફોર્મ નં.૨ ના પેરા નં.૩(ક) માં માંગ્યા મુજબ ની નાણાં વિષયક દાદ મેળવવા હકદાર છે ?

**(૫)** શું અરજદાર તેઓની અરજી સાથે રજુ ફોર્મ નં.૨ ના પેરા નં.૩(ડ)માં માંગ્યા મુજબની નાણાં સંબધિક દાદ મેળવવા હકદાર છે ?

**(૬)** શું હુકમ ?

**૭)** ઉપરોકત મુદ્દાઓનો ન્યાયીક નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે.

(૧) અંશત: હકાર માં,

(૨) નકાર માં,

(૩) નકાર માં,

(૪) નકાર માં,

(૫) અંશત : હકાર માં,

(૬) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧ :-**

૮) આ કામે અરજદાર પક્ષે તેઓની અરજી ની હકીકત પુરવાર કરવા સારુ રજુ પુરાવો જોઈએ તો આંક ૨૪ થી અરજદારે લેખિત સરતપાસ નુ સોગંદનામુ રજુ કરી પોતાની અરજી માં જણાવેલ હકીકતો નું પુનરા વર્તન કરેલ હોઈ તેની પુનરાવર્તીત ચર્ચા ન કરતાં યોગ્ય ઠેકાણે આ ઠરાવ માં તેની ચર્ચા કરવામાં આવેલ છે.જયારે સામાવાળાઓ તર્ફે વિ.વ.શ્રી એ અરજદાર ની લીધેલ ઉલટ તપાસ જોઈએ તો ઉલટ તપાસ માં અરજદારે એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે, સને ૨૦૧૩ માં હિન્દુ વિધિ મુજબ તેઓની માતાશ્રીએ આ કામ ના સામાવાળા ની સાથે તેઓના લગ્ન કરેલા. તેઓના લગ્નના અરસામાં તેઓના પિતાજી હયાત ન હતા. તેઓના થી તેઓના મોટાભાઈ જતીનભાઈના લગ્ન તેઓના લગ્ન અગાઉ થઈ ગયેલા હતા. તેઓના મોટાભાઈ જતીનભાઈ તેઓના પિતાજીના માલિકીના ઘર અયોધ્યાનગર મસાલી રોડ, તા.રાધનપુર મુકામે રહે છે. તેઓના લગ્ન બાદ તેઓના મમ્મી તેઓના મોટાભાઈની સાથે રહેતા હતા. તેઓ પાટણથી રીસાઈને રાધનપુર આવી ત્યારબાદ તેઓના મમ્મી સાથે તેઓ રહે છે અને તે પહેલા તેઓના મમ્મી તેઓના મોટા

ભાઈ ની સાથે રહેતા હતા.જયારે તેઓ પાટણથી પરત આવી ત્યારે તેઓના ભાઈ–ભાભી અને મમ્મી ની સાથે રહેતી હતી. **સવાલ–** તમારા ભાઈથી અલગ રહેવાનુ કારણ શુ ?જેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે,તેઓના ભાભીને તેઓની સાથે નથી ફાવતુ એટલે તેઓ અલગ રહે છે.**સવાલ–** નથી ફાવતુ એટલે શુ ? જેના જવાબ માં તેઓએ જણાવેલ છે કે, ઝઘડા થાય છે. તેઓ છેલ્લા બે વર્ષ થી તેઓની મમ્મી સાથે રહે છે. તેઓ કોઈ કામ કરતી નથી. એ વાત ખરી ને કે તમે હેપ્પી મોલ માં કામ કરો છો ? જેના જવાબ માં તેઓએ જણાવેલ છે કે, તેઓ વચ્ચે બે–ત્રણ મહિના જ ગઈ હતી હવે નથી જતી. તેઓ હાલ કોઈ કામકાજ કરતી નથી.તેઓનો પુત્ર શોર્ય ધોરણ –૫ માં વલ્લભનગર પ્રાથ મિક સ્કુલમાં અભ્યાસ કરે છે. આ વલ્લભ નગર શાળા સરકારી શાળા છે. તેઓને કોઈ સ્કુલ ફી ભરવાની થતી નથી.તેમાં થી ચોપડા મળે છે. તેઓના લગ્ન તેઓના મમ્મીએ ધામધુમ થી કરેલા. લગ્ન બાદ તેઓ તેઓનુ લગ્નજીવન ગુજારવા માટે શીહોરી મુકામે ગયેલ અને ત્યાં તેઓના સાસુ સસરા દવારા રીસેપ્શન રાખવામાં આવેલ. તેઓના લગ્ન અગાઉ તેઓના જેઠ હિમાંશુભાઈ ના લગ્ન થઈ ગયેલા હતા. તેઓના જેઠ–જેઠાણી તેઓના લગ્ન થયા તે અગાઉ થી પાટણ મુકામે રહેતા હતા. તેઓ, તેઓના સાસુ–સસરા અને તેઓના પતિ શીહોરી મુકામે રહેતા હતા. તેઓ ત્યાં જતા ત્યારે તેઓના જેઠ–જેઠાણી પહેલા તેઓને સારુ રાખતા હતા. તેઓ બધા સંયુકત કુટુંબમાં રહયા નથી શનિવાર રવિવારે ભેગા થતા હતા. એ શનિવાર રવિવારના દિવસોમાં તેઓ આનંદ થી દિવસો પસાર કરતા હતા. તેઓના સાસુ–સસરા બંને સરકારી નોકરી કરતા હતા. તેઓના સાસુ–સસરા આખો દિવસ નોકરીએ જતા હતા અને સાંજે ભેગા થતા હતા. લગ્ન બાદ સાસુ–સસરાએ એક વર્ષ જેવુ સારુ રાખેલુ.લગ્નના એક વર્ષ તેઓ શિહોરી જ રહેતા હતા. તે સમયે તેઓના પતિ મેડીકલ સ્ટોરમાં ભાગીદારીમાં હતા.તેઓએ આ મેડીકલ સ્ટોરમાં તેઓના પતિ ભાગીદાર હતા તેનો કોઈ દસ્તાવેજી આધાર રજુ કરેલો નથી. તેઓનો છોકરો શૌર્ય એક વર્ષનો થયો ત્યાં સુધી આ ભાગીદારી રહેલી. તેઓએ યાદ નથી કે તે પછી મેડીકલ સ્ટોર બંધ કરી દીધેલો. તેઓએ જણાવેલ છે કે, જે મેડીકલ સ્ટોર ની તેઓ વાતકરે છે તે મેડીકલ સ્ટોર શિહોરી મુકામે આવેલો હતો. તેઓ તેઓના લગ્ન જીવન બાદ બે વર્ષ સુધીતેઓના સાસુ – સસરા સાથે ભેગા રહેલા.તેઓ હવે જણાવે છે કે બે વર્ષ બાદ તેઓ ભેગા જ પાટણ મુકામે રહેતા હતા. તેઓ ભાડા ના મકાન માં શરૂઆત માં વિઠૃલ વિલા સોસાયટી માં રહેતા હતા અને તે પછી પદમનાથ ચોકડી પાસે આવેલ તિરૂપતિ સોસાયટી માં ભાડે થી રહેતા હતા. તેઓ જે મકાન માં રહેતા હતા તેનુ ભાડુ તેઓ ના સાસુ–સસરા ભોગવતા હતા તે હકીકત નકારી જણાવેલ છે કે–આ મકાન નુ ભાડુ તેઓના પતિ ચુકવતા હતા. તેઓ પાટણ મુકામે એટલે રહેવા ગયેલા કારણ કે તેઓના સાસુ સસરા રીટાયર થઈ ગયેલા. તેઓના સાસુ–સસરા ની તમામ જવાબદારી તેઓના પતિની હોવાથી તેઓના સાથે પાટણ મુકામે આવેલા તેઓના પતિ આજે પણ સાસુ સસરા સાથે રહે છે. તેઓ છુટા થાય તે પહેલા તેઓ તેઓના પતિ અને સાસુ સસરા સાથે રહેતા. તેઓના જેઠ અને જેઠાણી અલગ મકાન રાખી ને અલગ રહેતા હતા. આ

કેસના દરમિયાન તેઓ તેઓના પતિ સાથે રહેવા ગયેલી. તેઓના પતિ જો તેઓને તેડી જાય તો તેઓ આજે તેમની સાથે જવા તૈયાર છે.તેઓના સાસુ સસરા અલગ રહે તો તેઓ રહેવા તૈયાર છે. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે પણ તે અલગ રહે નહી. તેઓએ તેઓના પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી વિરૂઘ્ધ ઈ.પી. કોડ ની કલમ ૪૯૮ (ક) વિગેરે ની ફરીયાદ આપેલ નથી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે અરજી કરેલી. તેઓએ આવી કોઈ અરજી કરેલ હોય તે આ કામે તેઓએ રજુ કરેલ નથી. તેઓ તેઓના સાસરેથી પરત ફરી ત્યાર થી તેઓ તેઓની મમ્મી અને તેઓનુ બાળક સાથે સુખ શાંતિથી રહીએ છીએ. તેઓ જયારે સાસરેથી પરત ફરી ત્યારથી તેઓને તેઓના પતિ દવારા કોઈ હેરાન પરેશાન કે તેઓના બાળકને લઈ જવાની કોઈ કૃત્ય કરવામાં આવેલ નથી. હાલ તેઓને તેઓની મમ્મી એક જ સાથે એક જ મકાનમાં રહીએ છીએ. તેઓએ આ સિવાય ની તમામ હકીકત નકારી કાઢેલ છે.

૯) આ કામે અરજદાર પક્ષે તેઓની અરજી ની હકીકત પુરવાર કરવા સારુ રજુ પુરાવો જોઈએ તો આંક ૩૬ થી અરજદારે તરફે સાહેદ જોષી નિર્મળાબેન ભીખાલાલ લેખિત સરતપાસ નુ સોગંદનામુ રજુ કરી અરજદાર ની અરજી ને સમર્થનકારક પુરાવો આપેલ છે જેની પુનરાવર્તીત ચર્ચા ન કરતાં યોગ્ય ઠેકાણે આ ઠરાવ માં તેની ચર્ચા કરવામાં આવેલ છે. જયારે સામાવાળાઓ તર્ફે વિ .વ.શ્રી એ લીધેલ ઉલટ તપાસ જોઈએ તો સાહેદે એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે, તેઓની દીકરીના ૧૧–૧૨ વર્ષ પહેલા લગ્ન થયેલ છે. લગ્ન બાદ તેઓએ તેઓની દીકરીને સાસરે વળાવેલ. લગ્ન બાદ પ્રસંગોપાત તેઓની દીકરી પિયર આવતી જતી. છેલ્લે નવ વર્ષ અગાઉ તેઓની દીકરી તેઓના ઘેર આવેલ. સમાજ દ્રષ્ટીએ સમાધાન કરી તેઓની દીકરીને સાસરે મોકલેલ. ચાલુ કેસે તેઓએ તેઓની દીકરીને સાસરે મોકલેલ. તેઓની દીકરીને સાસરે વળાવેલ ત્યારે તેઓની દીકરી, જમાઇ તથા તેઓની દીકરીનો દિકરો શોર્ય બધા ભેગા રહેતા હતા. તેઓને એક દિકરો છે. તેઓની દીકરીને કોઇ ખોડ ખાંપણ કે કાયમી બીમારી નથી. સવાલ– તમારી દીકરી હેપ્પી મોલ માં નોકરી કરે છે? જેના જવાબ માં તેઓએ જણાવેલ છે કે, બે મહીના નોકરી કરેલ. હાલ માં તેઓની દીકરી ની કોઇ દવા ચાલુ નથી.શોર્ય સરકારી સ્કુલમાં ભણે છે. આ પાંચ લાખની માંગણી બાબતે પોલીસ સ્ટેશન માં કોઇ ફરિયાદ કરેલ નહી. તેઓની દીકરી ને શારીરિક માનસીક ત્રાસ આપવા બાબતે કોઈ પોલીસ ફરિયાદ કરેલ નહી હોવાની હકીકત નકારીજણાવેલ છે કે– આવી ફરિયાદની કોઇ માહીતી તેઓની પાસે નથી. તેઓની દીકરીને જે શારીરીક માનસીક ત્રાસ જાનથી મારી નાખવાની ધમકી ગાળો બોલેલાનુ તેઓ ખોટુ જણાવે છે તેવો કોઇ બનાવ તેઓની હાજરી માં બનેલ નથી. હાલ તેઓની દીકરી તેઓની સાથે એક જ મકાન માં રહે છે. તેઓના જમાઇ તેઓના ઘેર આવ્યા હોય અને તેઓને કોઇને કોઇ ધાક ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આ સીવાય ની તમામ હકીકત નકારી કાઢેલ છે.

૧૦) આમ ઉપરોકત હકીકતે આ કામે સામાવાળા કોઈએ તેઓના અરજદારો સાથે ના લગ્નેત્તર/ સામા જીક સંબંધો અંગે કોઈ તકરાર લીધેલ નથી આમ,અરજદાર નં.૧ ના તે સામાવાળા નં.૧ ના પત્નિ થતા

હોવાનુ તથા અરજદાર નં.ર તે સામાવાળા નં.૧ નુ સગીર સંતાન હોવાનુ તથા સામાવાળા નં.૩ થી ૫ ના ઓ અનુક્રમે અરજદાર ના લગ્નેત્તર સગપણ ધરાવતા સાસુ,સસરા,જેઠ તથા જેઠાણી હોવાનુ સામાવાળા પક્ષે સ્વીકૃત છે.તદઉપરાંત અરજદાર તથા સામાવાળા નં.૧ નું આ અરજ કરતાં સમયે આઠ વર્ષ ઉપરાંત નુ લગ્ન જીવન છે તે હકીકત પણ સામાવાળાપક્ષે નકારેલ નથી તે જ રીતે અરજદાર ધ્વારા સામાવાળા નં.૧ સાથે ના લગ્ન જીવન દરમિયાન બનેલ અનેક શારિરીક માનસીક ત્રાસ ની ઘટના ઓ નુ નિરુણ કરી આ અરજ કરવામાં આવેલ છે તથા। અરજદારપક્ષે રજુ પુરાવો જોઈએ તો અરજદાર એ તેઓની અરજી ને સંપુર્ણ પણે સમર્થનકારક પુરાવો રજુ કરેલ છે અને વિરુધ્ધની અને ખંડનકારક કોઈ હકીકત ઉલટ તપાસ માં થી ફલિત થતી નથી તદઉપરાંત સામાવાળાઓને પુરતી તક આપવા છતાં અરજદાર ની અરજ નો કોઈ ખંડના ત્મક પુરાવો રજુ કરેલ નથી તદઉપરાંત સામાવાળાઓએ તેઓના લેખિત જવાબ માં અરજદાર પુત્ર સાથે સામાવાળા ના ઘરે આવવા તૈયાર હોય તો સામાવાળાઓ કોઈ પણ જાતની શરત વિના હરખભેર લઈ જવા તૈયાર હોવાનું જણાવેલ છે તથા અરજદાર એ તેઓની ઉલટ તપાસ માં તેઓના પતિ જો તેઓને તેડી જાય તો તેઓ આજે તેમની સાથે જવા તૈયાર હોવાનુ જણાવેલ છે છતાં અરજદાર તથા તેમના પુત્ર ને તેડી જવાનો સામાવાળાપક્ષે કોઈ પ્રયાસ કરવામાં આવેલ નથી આમ અરજદાર તથા સામાવાળા વચ્ચે ના લગ્ન જીવન દરમિયાન જે કોઈ આક્ષેપિત તકરારો થયેલ હોય તે ભુલી અરજદાર સામાવાળા સાથે રહેવા માગતા હોવાનુ પરંતુ અરજદાર ને તેડી જવાના સામાવાળા ધ્વારા કોઈ પ્રયત્ન નહી કરવામાં આવેલાનુ ફલીત થાય છેતદઉપરાંત માર્ક **૫/૧** થી રજુ પ્રોટેક્ષન ઓફીસર નો અહેવાલ પણ અરજદાર ની અરજી સંદર્ભે હકારા ત્મક હોવાનુ ફલીત થાય છે આમ આ તમામ હકીકત જે અરજદારો ની તરફેણ ના સંજોગો નો નિર્દેશ કરે છે તદઉપરાંત સામાવાળાઓ તેમના વિ.વ.શ્રી મારફત આ કામે હાજર થયેલ છે તથા અરજદાર ની અરજી નો જવાબ રજુ કરેલ છે પરંતુ પુરાવો આપવા વીટનેશ બોક્ષ માં આવવાનુ પસંદ કરેલ નથી કે અરજદાર ની અરજ નો ખંડનકારક પુરાવો રજુ કરેલ નથી આમ સામાવાળાઓ ધ્વારા અરજદાર ની અરજી તથા પુરાવા નો ખંડનકારક કોઈ જ પુરાવો રજુ કરેલ નથી જયારે અરજદારે પોતાની અરજી ને સમર્થન કારક પુરાવો આપેલ છે તથા વિરુધ્ધ ની તથા ખંડનકારક કોઈ જ હકીકત ઉલટ તપાસ માં થી ફલિત થતી નથી કે જે અરજદાર ની અરજ ને નિષ્ફળ બનાવે. તે જ રીતે આ અરજ નિર્ણીત કરતાં સમયે અરજદાર નુ સામાવાળા નં.૧ સાથે નુ ૧૩ વર્ષ ઉપરાંત નુ લગ્ન જીવન છે અને સામાન્ય રીતે કોઈ સ્ત્રી પોતાના પતિ સાથેના આટલા બધા લાં બા લગ્ન જીવન નો અને તે પણ સંતતિ સુખ મળ્યા બાદ વ્યાજબી કારણ વગર અને માત્ર ભરણ પોષણ ની તથા અન્ય દાદ મેળવવાના એક માત્ર હેતુસર ત્યાગ કરે તે વિરુધ્ધ ના અને સબળ ખંડનકારક પુરાવા ની ગેરહાજરી માં માનવાને પાત્ર નથી અને તેવા સંજોગો માં આ પ્રોસીડીગ્ઝ હેતુ સામાવાળા નં.૧ એ અરજદારો નો ત્યાગ કરેલાના અરજદાર ના સામાવાળા નં.૧ ઉપર ના આક્ષેપો ને નહી માનવાનુ કોઈ કારણ જણાતુ નથી.આમ,વિરુધ્ધના અને સબળ તથા ખંડન કારક પુરાવાની ગેરહાજરી માં સામાવાળા નં.

૧ ના ઓ એ અરજદાર નો વિના કારણે ત્યાગ કરેલાનું પુરવાર થતું હોઈ પરંતુ આવો ત્યાગ સામાવાળા નં. ૨ થી ૫ ના એ કરેલાનુ પુરવાર થતુ ના હોઈ તેટલે અંશે **મુદ્દા નં.૧** નો નિર્ણય **અંશત: હકાર માં** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ થી ૪ સંયુકત :-</u>**

**૧૧)** આ કામે અરજદાર ધ્વારા અરજી લગત ફોર્મ નં.૨ રજુ કરી પેરા ૩ (અ) મુજબ બાળક ની સ્કુલ માં પ્રવેશવા ઉપર સામાવાળાને મનાઈ કરવા,સામાવાળા દવારા અરજદારની સાથે કોઈપણ જાતની વાતચીત કરવા અટકાવવાની દાદ સંદર્ભે જોવામાં આવે તોઅરજદાર નં.૧ તે સામાવાળા થી અલગ હે છે તથા અરજદાર ના માતા સાહેદ નં.૨ એ તેઓની ઉલટ તપાસ માં સ્વીકારેલ છે કે- તેઓના જમાઈ તેઓના ઘેર આવ્યા હોય અને તેઓને કોઈને કોઈ ધાક ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. જેથી આવી કોઈ દાદ મં જુર કરવાનો કોઈ અર્થ રહેતો નથી તે જ રીતે પુરાવા વિના ખોટા આક્ષેપો કરે નહી તેમજ ખોટા કેસ કરે કરાવે નહી તેવી મનાઈ કરવાની દાદ સંદર્ભે જોવામાં આવે તો સામાવાળા તરફે જો કોઈ કાનુની કાર્યવાહી અરજદાર વિરુધ્ધ માંડવામાં આવે તો અરજદાર તેનો કાયદા મુજબ બચાવ લઈ શકે છે પરંતુ સામાવાળાઓ ને તેવી કોઈ કાનુની કાર્ય વાહી અરજદાર વિરુધ્ધ માંડતા અટકાવી શકાય નહી તે જ રીતે મીલકત માં થી છુટા પાડવા સામાવાળાને મનાઈ કરવા તથા પેરા (બ) થી કૌટુબીંક ભાગ માં થી બેદખલ કરવા તથા અરજદાર જયાં રહેતા હોય તે કૌટુંબીક ભાગ ની જગ્યા માં દાખલ થવા સામાવાળા ને અટકવવાની દાદ સંદર્ભે જોવામાં આવે તો આવા અરજદાર હકક અધિકાર વાળી કૌટુંબિંક મિલકતો નુ અસ્તિત્વ પુરવાર કરવા સારુ અરજદાર ધ્વારા કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.આમ જયારે અરજદાર પોતાની તરફેણ માં આવી કોઈ દાદ મેળવવા માગતા હોય ત્યારે આવી સ્થાવર મિલકત ની માલીકી, ઓળખ તથા મિલકત નુ વર્ણન, ચર્તુસીમા વિગેરે હકીકત છતી થાય તેવો દસ્તાવેજી પુરાવો રજુ કરી પોતાનો હકક પ્રસ્થાપિત કરવો જોઈએ જેથી કરીને કોર્ટ અરજદાર ની તરફેણમાં તેવી દાદ નો હુકમ કરી શકે પરંતુ અરજદાર તેમ કરવામાં નિષ્ફળ ગયેલ છે તે જ રીતે વ્યકિત ગત હેસીયત થી મળતી સગવડતા ના હકકો નો હુકમ કરવા, સલામત વૈકલ્પીક,રહેઠાણ અથવા તેનુ ભાડુ ચુકવવાની દાદ સંદર્ભે જોવામાં આવે તો અરજદારએ તેઓ- ની ઉલટ તપાસ માં સ્વીકારેલ છે કે-હાલ તેઓને તેઓની મમ્મી એક જ સાથે એક જ મકાન માં રહે છે તથા સાહેદ નં.૨ અરજદાર ના માતા એ પણ પોતાની ઉલટ તપાસ માં સ્વીકારેલ છે કે- હાલ તેઓની દીકરી તેઓની સાથે એક જ મકાન માં રહે છે આમ તથા સામાવાળા નં.૧ ની માલીકી ના રહેઠાણ ના મકાન અંગે કોઈજ દસ્તાવેજી પુરાવો અરજદારએ રજુ કરેલ નથી પરંતુ જયારે અરજદાર પોતાની તરફેણમાં દાદ મેળવવા માગતા હોય ત્યારે આવી સ્થાવર મિલકત ની ઓળખ તથા મિલકત નુ વર્ણન, ચર્તુસીમા વિગેરે હકીકત છતી થાય તેવો દસ્તાવેજી પુરાવો રજુ કરવો જોઈએ કે જેથી કરીને કોર્ટ અરજદારની તરફેણમાં તેવી દાદ નો હુકમ કરી શકે પરંતુ અરજદાર તેમ કરવામાં નિષ્ફળ ગયેલ છે તે જ રીતે અરજદાર પાસે પોતાના આવાસ

ની સુવિધા ન હોય અને તેણીની ભાડા ના મકાન માં રહેતા હોય અને તેનુ ભાડુ ભરપાઈ કરતા હોય તેવી પણ કોઈ જ હકીકત અરજદાર એ પુરવાર કરેલ નથી અને આમ સામાવાળા નં.૧ ની માલીકી ના રહેઠાણ ના મકાન અંગે અરજદાર એ જે હકીકત અંગે દાદ માંગેલ હોય તે હકીકત નુ સ્પસ્ટ અસ્તિત્વ અરજદાર પુરવાર કરી શકેલ ન હોય તો તેવા સંજોગો માં અરજદાર આવાસ ની સવલત મેળવવા હકકદાર નથી તે જ રીતે અરજદાર આવાસ નુ ભાડુ ચુકવતા હોય તેનો પણ કોઈ જ પુરાવો રજુ કરેલ નથી જેથી અરજદાર આવાસ સારુ વૈકલ્પીક નાણાંકીય મદદ મેળવવા પણ હકકદાર થતા નથી તદઉપરાંત પેરા (ક) થી દાવા નો ખર્ચ, નાણા નુકસાન, મીલકત નુ નુકસાન રૂા.૫,૦૦,૦૦૦/ શારીરીક માનસિક ઈજાના નુકસાન પેટે રૂા.૪,૦૦,૦૦૦/–મળી કુલ રકમ રૂા.૯,૦૦,૦૦૦/–વસુલ અપાવવા દાદ માંગેલ છે.હવેઆ દાદ સંદર્ભે જોવામાં આવે તો અરજદાર નો સામાવાળાઓ વિરુધ્ધ શારીરીક માનસીક ત્રાસ આપ્યાનો માત્ર અને માત્ર મૌખિક આક્ષેપ છે. વધુમાં શારીરીક ત્રાસ ના આક્ષેપ સંદર્ભે અરજદારે કોઈ ડોકટરી સારવાર / દવા કરાવેલ હોય તો તેનો પણ કોઈ લેખીત કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી. તેવા સંજોગોમાં શારીરીક માનસીક ત્રાસ બદલ વળતર પેટે નાણાં વસુલ મેળવવાની દાદ કાલ્પનિક કારણોસર મંજુર કરી શકાય નહીં. કારણ કે, શારીરીક ત્રાસ બદલ વળતર પેટે નાણાં વસુલ મેળવવાની દાદ અંગે શારીરીક ત્રાસ તથા ખરેખર થયેલ ખર્ચ ની હકીકત અરજદારે પુરવાર કરવી જોઈએ અને આ શારીરીક ત્રાસની હકીકત પુરવાર કરવામાં આવે તો પણ માનસીક ત્રાસ આપ્યા બદલ ના પુરાવા ની ગેરહાજરી માં માનસીક ત્રાસ અંગે કોર્ટ અનુમાન કરી શકે. પરંતુ અરજદાર પક્ષે તેણીની ને કોઈ શારીરીક મારઝુડનો ત્રાસ હોવાની હકીકત પુરવાર કરેલ નથી.આમ સ્વતંત્ર પુરાવાની ગેરહાજરી માં અરજદાર શારીરીક માનસીક ત્રાસ બદલ આ વિષય હેતુ વળતર મેળવવા હકકદાર થતા નથી તે જ રીતે નાણા નુકસાન તથા મીલકત નુ નુકસાન અરજદાર પુરવાર કરી શકેલ નથી આમ અરજદાર તેઓ ની અરજી સાથે રજુ ફોર્મે નં.૨ ના પેરા નં.૩(અ),પેરા નં.૩(બ),પેરા નં. ૩(ક) માં માંગ્યા મુજબ ની દાદ મેળવવા હકદાર થતા ના હોઈ **મુદદા નં.૨ થી ૪** નો નિર્ણય **નકાર માં** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૫ :–</u>**

**૧૨)** આ કામે અરજદાર નં.૧ તે સામાવાળા નં.૧ ના વિધિવત ના પરણિત પત્ની છે તથા અરજદાર નં.ર તે સામાવાળા નં.૧ નુ સગીર સંતાન છે જે અરજદાર નં.૧ પાસે છે તથા મુદદા નં.૧ અરજદાર પક્ષ પુરવાર કરવામાં અંશત: સફળ થાય છે તથા અરજદાર નં.૧ તે સામાવાળા નં.૧ ના વિધિવત ના પરણિત પત્ની છે અને સેટલ્ડ લૉ મુજબ પોતાનુ ગુજરાન નહી કરી શકનાર અરજદાર (પત્ની)તેણીની ના પતિ પાસે થી તથા સગીર સંતતિ તેના પિતા પાસે થી ભરણ પોષણ મેળવવાનો હકક ધરાવે છે. આમ સામાવાળા નં.૧ ના એ અરજદારો ના ભરણપોષણ ની કોઈ વ્યવસ્થા કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી તથા અરજદાર

આવક કમાણી કરતા હોય કે અરજદારો ની પાસે આવક કમાણી ના સાધનો  હોય તેવુ પુરવાર થતુ નથી.જેથી અરજદારો નું ભરણ પોષણ કરવાની કાયદેસર ની અને નૈતિક જવાબદારી સામાવાળા નં.૧ ઉપર રહેલ છે અને સામાવાળા નં.૧ અરજદારો નુ ભરણપોષણ કરવા બંધાયેલા છે. હવે અરજદારે તેઓના ખોરાકી,પોશાકી,દવા સારવાર અને બીજી પાયાની જીવન જરુરીયાતો સારું માસિક રૂા.૨૫,૦૦૦ તથા તથા અરજદાર નં.૨ ની ખોરાકી, પોશાકી,અભ્યાસ અને નિભાવ સારું માસિક રુ.૧૫,૦૦૦/–ની રકમ મેળવવા મુળ અરજ માં દાદ માંગેલ છે હવે આ દાદ સંદર્ભે અરજદાર ની ઉલટ તપાસ જોવામાં આવે તો સ્વીકારેલ છે કે–તેઓનો પુત્ર શોર્ય ધોરણ–૫ માં વલ્લભનગર પ્રાથ મિક સ્કુલમાં અભ્યાસ કરે છે. આ વલ્લભ નગર શાળા સરકારી શાળા છે. તેઓને કોઈ સ્કુલ ફી ભરવાની થતી નથી.તેમાં થી ચોપડા મળે છે આમ અરજદાર નો પુત્ર ધોરણ–૦૫ માં અભ્યાસ કરતા હોવાનુ ફલીત થાય છે  પરંતુ તે સરકારી શાળા માં સ્કુલ ફી ભરવાની થતી નહી હોવાની તથા તે શાળા માં થી ચોપડા મળતા હોવાની હકીકત પણ ફલીત થાય છે તે જ રીતે અરજદારપક્ષ ધ્વારા સામાવાળા નં.૧ ની પ્રતિપાદીત કરેલ આવક કમાણી ની કોઈ જ હકીકત પુરાવો રજુ કરી પુરવાર કરેલ નથી.આમ,અરજદાર પક્ષ સામાવાળા નં.૧ ની સચોટ આવક પુરવાર કરી શકેલ નથી તે જ રીતે સામાવાળા નં.૧ ના એ પણ પોતાના લેખિત જવાબ માં પોતાના વ્યવસાય કે આવક કમાણી ની કોઈ હકીકત જાહેર કરી જણાવેલ નથી તદઉપરાંત અરજદાર ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ ના Rajnesh Vs. Neha ના ચુકાદા થી આપવામાં આવેલ મેન્ડેટરી નિર્દેશ મુજબ Assets and Liabilities for Non-Agrarian Deponents નુ સોગંદનામુ આંક ૩૧ થી રજુ કરેલ છે જયારે સામાવાળા નં.૧ ધ્વારા Assets and Liabilities for Non-Agrarian Deponents નુ સોગંદ નામુ રજુ કરેલ નથી આમ પક્ષકાર જયારે પોતાની સાચી નાણાંકીય સ્થિતી જાહેર કરવામાં નિષ્ફળ જાય ત્યારે કોર્ટ તેવી ચુક કરનાર પક્ષકાર વિરુધ્ધ Adverse inference કરી શકે છે આમ તથા સામાવાળાઓ નુ તેમના વિ.વ.શ્રી મારફત આ કામે પ્રતિનિધીત્વ થયેલ છે છતાં સામાવાળા ધ્વારા નામ.સુપ્રિમ કોર્ટે આપેલ નિર્દેશો નુ પાલન કરેલ નથી પરંતુ સામાવાળા નં.૧ પોતા ની આવક અગર તો Assets છુપાવી અરજદારો ના ભરણપોષણ ની જવાબદારી માં થી છટકી શકે નહી અને વિરુધ્ધ ના પુરાવા તથા યોગ્ય બચાવ ની ગેરહાજરી માં તથા એબલ બોડી ના સિધ્ધાંત મુજબ સામાવાળા નં ૧ ને આવક ના સાધન છે તથા સામાવાળા નં.૧ આવક કમાણી મેળવી રહેલ છે તેવુ માનવાને પાત્ર રહે છે.તે જ રીતે અરજદાર એ તેઓના સામાજીક/આર્થિક માન મોભા અંગે પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી પરંતુ અરજદારો નો એક સામાન્ય વ્યકિત તરીકે નો દરજ્જો ગણવામાં આવે તો પણ હાલના સંજોગો તથા મોંઘ વારીના સમયમાં પુખ્ત વય ના અરજદાર નં.૧ ને તેમના ભરણપોષણ સારુ માસિક રૂ.૫,૦૦૦/– તથા સગીર અરજદાર નં.૨ ને તેઓના ભણતર–ગણતર ની હકીકત ધ્યાને રાખી માસિક રુ.૩,૦૦૦/– ની રકમ સામાવાળા નં.૧ પાસે થી વસુલ અપાવવામાં આવે તો તેટલી રકમ માં અરજદારો નું સરળતા થી

ગુજરાન થઈ શકે તેમ જણાય છે. આમ,અરજદાર ની અરજી તથા તેના સમર્થન માં રજુ પુરાવો ધ્યાને લેતાં સામાવાળા નં.૧ નાઓ એ અરજદારો નો વિના કારણે ત્યાગ કરેલા નું તથા અરજદારો ના ભરણ પોષણ ની કોઈ વ્યવસ્થા સામાવાળા નં.૧ ના એ કરેલ નહી હોવાનું અરજદાર નં.૧ પુરવાર કરવામાં સફળ થતા હોઈ મુદ્દા નં.૧ તથા ૫ નો નિર્ણય અંશત: હકાર માં આપી અરજદાર નં.૧ માસિક રૂ.૫,૦૦૦/-(પાંચ હજાર પુરા) તથા અરજદાર નં.ર માસિક રૂ.૩,૦૦૦/-(ત્રણ હજાર પુરા) લેખે સામાવાળા નં.૧ પાસે થી ભરણ પોષણ વસુલ મેળવવા હકકદાર થતા હોવાનુ ઠરાવવામાં આવે છે

**૧૩)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર મુદ્દા નં.૧ તથા ૫ પુરવાર કરવામાં અંશત: સફળ થતા હોઈ તથા અન્ય મુદ્દાઓ પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોઈ મુદ્દા નં.૬ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

**૧)** આથી અરજદારો ની અરજી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

**ર)** આથી સામાવાળા નં.૧ ના એ અરજદાર ને તેઓના ભરણ પોષણ પેટે માસિક રૂ.૫,૦૦૦/-(પાંચ હજાર પુરા) લેખે ની રકમ આ અરજી કર્યા **તા.૦૬/૦૨/૨૦૨૧** થી તથા અરજદાર નં.ર ને માસિક રૂ.૩, ૦૦૦/-(ત્રણ હજાર પુરા) લેખેની રકમ નિયમિત પણે અને ચડયે થડયા ચુકવી આપવાનો હુકમ કરવા માં આવે છે.

**૩)** આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે અરજદારો ને આ હુકમ અન્વયે જે ભરણ પોષણ ની રકમ ચુકવી આપવાનો સામાવાળા નં.૧ વિરુધ્ધ હુકમ કરવામાં આવેલ છે તે ઉપરાંત જો અરજદારો સામાવાળા નં.૧ પાસે થી અન્ય કાયદા અન્વયે ભરણપોષણ ની રકમ મેળવતા હોય તો તે રકમ આ હુકમ અન્વયે ની રકમ માં થી મજરે ગણવાની રહેશે.

**૪)** આથી અરજદાર ની અરજી ની અન્ય દાદ ''**નામંજુર**'' કરવામાં આવે છે.

**૫)** સામાવાળા નં.૧ નાઓ એ અરજદાર નં.૧ ને આ અરજી ના ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/-(પાંચ હજાર પુરા) અલગ થી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૦૯ મી માહે જુલાઈ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(દીલીપસિંહ માનસિંહ રાઠોડ )
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
રાધનપુર જી.જે.૦૦૭૪૨